# આલ્લે લે...!

રક્ષા શુક્લ



CS Scanned with CamScanner

# ‘આલ્લે લે...’ મજાનાં ગીતો

## રક્ષા શુક્લ

**.1.**

એક સસલીએ પાડી કાં ચીસ?
એને સમજાતું કે અમથું  અંકલજી આપે છે કેડબરી–કીસ,
એક સસલીએ પાડી કાં  ચીસ?

એને તો સપનાંમાં આવે પતંગીયાં ને ચોકલેટી વૃક્ષોનાં ગાડાં,
ગુડીયાની કુંવારી આંખો મુંઝાતી જ્યાં માણસને જોયા ઉઘાડા.
પીડી ને પરચક પીડાએ જ્યાં ઓળંગ્યું આભ, ચડ્યા ડુસકે સીમાડા,
મંદીરના, મસ્જીદના, દેવળના, દેરાંનાં સળગ્યાં ના એકે રુંવાડાં?

ભાઈ, જે પહેરે છે એવા ખમીસમાં સંતાયો હોય છે ખવીસ!
એક સસલીએ પાડી કાં ચીસ?

રંગોની ઓળખ તો કીકીમાં કાચી ત્યાં લાલઘુમ પથરાયો પાકો,
ડૉરેમોન, નોબીતા થથરીને કહેતા: ‘આ પરીઓને પાલવથી ઢાંકો.’
‘દુષ્કર્મ’ વાંચીને ફાટી ’ગ્યા દરિયા એ જળમાં લ્યો કઈ પાથી ટાંકો!
પાળીયા બતાવીને મુછોને વળ દેતા ઈશ્વરનો ઉતરી ’ગ્યો ફાંકો.

કા’ન, હવે ધારો અવતાર, અહીં રોજ જો પાંચાલી પુરી પચીસ.
એક સસલીએ પાડી કાં ચીસ?

**.2.**

પરોઢીયે આવેલાં સપને હૈયાધારણ આપી,
સાવ અચાનક હરીએ હરખી હૈયાસરસી ચાંપી.

કાલ સુતી’તી ત્યારે અંદર ઉથલપાથલ જેવું,
રાતવરતનું ક્યાં મારે કંઈ હરી કને જઈ કહેવું?
સ્મરણો ઝરઝર એમ ઝર્યાં’તાં જેમ ટપકતું નેવું,
આંખોની પાંપણને વાટે જીવનજળનું વહેવું.

હરીએ ઉભડક શ્વાસે ઉભી અવઢવને ઉથાપી,
પરોઢીયે આવેલાં સપને હૈયાધારણ આપી.

આજ તમે આવ્યાનું સઘળે અજવાળું અજવાળું,
ઝળઝળીયાંની આડે તમને ઝાંખાપાંખા ભાળું.
તમે ન ઠાલું સ્વપ્ન, અદીઠી આશંકા હું ટાળું,
ઓસરીએ આસન આપું ને ફળીયે મારું તાળું.

હરીએ માંડી આંખ મને નજરુંથી લીધી માપી,
પરોઢીયે આવેલાં સપને હૈયાધારણ આપી.

## .3.

કાલ દરીયાએ કીધું’તું કાનમાં,
‘નદીઓનું પાણી મને ઓછું પડે, તારા આંસુઓ આપ મને દાનમાં’
કાલ દરીયાએ કીધું’તું કાનમાં.

દરીયાએ હાથ જરા લંબાવ્યો, આંસુની ખારપ જઈ દરીયાને વળગી,
દરીયો પણ વાદળને પાણી આપે ને પછી રાખે એ ખારપને અળગી.

તે દી’થી દરીયો આ ક્યારા ભરે ને બધી ખારપ ઢોળે છે ખાનપાનમાં,
કાલ દરીયાએ કીધું’તું કાનમાં.

નદીયુંએ દરીયાને માપ્યો તો આંખોએ મારી પણ એને જઈને ચાખ્યો,
નદીયુંની મીઠપને ઝીલી ને આંસુના ભેજનો મલાજો પણ રાખ્યો.

આંસુની ઝળહળથી મોતી ડરે, વાત મછવારણ સમજી ગઈ શાનમાં
કાલ દરીયાએ કીધું'તું કાનમાં.

## .4.

કીરણોની ટોળીએ આવી ફળીયે ધરાર ધામા નાખ્યા.
દરીયા તડકે મુકી ધીંગાં ચોમાસાં મેં ચપટીક ચાખ્યાં.

અવસર માની ઝળઝળીયાંમાં જ્યાં જમણો અંગુઠો બોળ્યો,
કંકુપગલાં પ્હેરી રણમાં હાથલીયો હોંશેથી કોળ્યો.
લીમડાની સળીયુંથી તુરો તડકો તાસળીયુંમાં ઘોળ્યો,
કેસરીયા સાફાએ મારી ગાગરડીમાં પલાશ ઢોળ્યો.

દ્વારા પછીથી મનની દ્વારીકાના મેં ના કદીય વાખ્યાં.
કીરણોની ટોળીએ આવી ફળીયે ધરાર ધામા નાખ્યા.

હથેળીયુંની રેખા મીંચી આંખો જાણે દોટું મૂકે,
પછી સામટાં શ્વાસ લઈને વાટ, ઝરુખે અધમણ ઝુકે.
'લે, પરોવ મોતી તારા તું' કહી આગીયા ઓર ઝબુકે,
ભરી ટોપલી ગીતોની મંગલ ઘડીયું ના ટાણાં ચૂકે.

આંખ નીચોવી તરસ્યાં મૃગજળ રોજ પછી મેં ભીનાં રાખ્યાં.
કીરણોની ટોળીએ આવી ફળીયે ધરાર ધામા નાખ્યા.

## .5.

બાવળને મેં પાણી પાઈ ઘાવ બધાયે લીલા રાખ્યા.
ચાકુ–બાકુ, કરવત–બરવત, કુહાડી કુવામાં નાખ્યાં.

કુવે નાખતાં ચાહુ પહેલાં શબ્દોની મેં નાળ્યું વાઢી,
બાવળીયાના કાંટે ઉંચી ડોકે ફરતી ફાંસુ કાઢી.
અંધારે ઉભેલાં ઈર્ષા, અહંકારની ચીતા ટાઢી,
સંબંધોમાં સ્હેજ ઉતરતા, તરવા લાગી સમજણ ગાઢી.

છાંવ છાંવ ને વૃક્ષોની વનરાજીના મેં દ્રુવાર વાખ્યાં.
બાવળને મેં પાણી પાઈ ઘાવ બધાયે લીલા રાખ્યા.

કાલ સુધી થાતું કે બે–ત્રણ વેણ નહીં, લે, બાવી બોલું,
એનાં કરતબ, એની પોલંપોલ હવે હું પળમાં ખોલું.
ભીતર બેઠો ભોજો બોલ્યો, ‘મેલ, મમત, મંજીરે ડોલું,
બાવળના બેસુરા બોલે: અમથું કાં મનજીને છોલું?

દરીયાને બોલાવી રણઝણ પીડાના મીણાને ચાખ્યા.
બાવળને મેં પાણી પાઈ ઘાવ બધાયે લીલાં રાખ્યા.

## .6.

પીડાનું હું પરબીડીયું છું, કોઈ મને ના ખોલો,
ભીડ તણાં ભુવાઓ વચ્ચે કેમ કરીને ડોલો?

આંખ ઉઘડતાં લાગે લેબલ, કીયા જળે એને ધોવાનું?
વણબોલ્યું સરનામું સઘળે ગામ બહાર નક્કી હોવાનું.
ઈશ્વર પણ જ્યાં રાખે અંતર, બંધ દ્વાર સામે જોવાનું,
લમણે હાર લખી છે, કર્મે કવચ અને કુંડળ ખોવાનું.

નાતજાતના વાડા વચ્ચે પાડો કોઈ બખોલો,
પીડાનું હું પરબીડીયું છું, કોઈ મને ના ખોલો.

નીંદર સૌની હું જ વણું, પણ આંખ અજંપો ઓઢી જાગે;
અધ્ધર હાથે પાણી લેતા તરસ તપે ને તળાવ માંગે.
'દૂર રહો' કાને પડતા સો સૉળ ઉઠે, અંગારા દાગે;
રંગ લોહીનો લાલ સહુનો, હક્ક તોય કાં ડુબતા લાગે?

કાટ ચડેલી કાળી ઓળખના ખુણાઓ છોલો,
પીડાનું હું પરબીડીયું છું, કોઈ મને ના ખોલો.

## .7.

બે આંખોનું સરનામું ને જીવતર જાણે પરબીડીયું,
તું આવ્યાના પગરણ વચ્ચે હૈયું કાઢે છે હડીયું.

કાગળમાં લાગણીયું દોડી ભરતી મોટી ફાળ,
જરાક ઝુકી આંગળીયું ત્યાં ભીતર ઘુઘરમાળ.
તારાઓનું તેજ લઈ તું અંધારાને ચાળ,
તૃષ્ણાના તોખાર અશ્વને હું પહેરાવું નાળ.

મંગળ નીતરે પળેપળે તો કણ જુએ છે ચોઘડીયું?
બે આંખોનું સરનામું નર જીવતર જાણે પરબીડીયું.

ટોળે વળતી એકલતાને હવે તાપણે મુકો,
ગરમાવું ખીસ્સે ભરવા ત્યાં જરીક અમથું ઝુકો.
લીંબુ–ઉછાળ પીડાને લ્યો, ચલમ ભરીને ફુંકો,
પતંગીયાં પડખે ચડતાં આ મારગ લાગે ટુંકો.

ખીલવા, ખુલવા ને પાંગરવા આંગણ અમને તો જડીયું,
બે આંખોનું સરનામું ને જીવતર જાણે પરબીડીયું.

## . .8.

જળને બેઠું ચોમાસું ને મને સોળમું વરસ;
ભારે પગલે વાદળ તોયે મારા હીસ્સે તરસ!

છલછલ થાતું પગલું 'ને પગલાંમાં તળાવ આખું,
કંકુવરણી પાની કહેતી 'હું મહુડાને ચાખું.'
સગપણ ઉગ્યું શ્રાવણમાં ત્યાં મને ફુટતું લાખું,
ભીંજાવાની તરસે દોડી જળમાં પાસા નાખું.

વરસાદી ઘટના ને ધસમસત સપનાં અરસપરસ,
જળને બેઠું ચોમાસું ને મને સોળમું વરસ.

ફરફરતું કોઈ પાન લઈને પાનેતરમાં ભરતી,
ઝંઝાવાતો જળ આપે ને આપે દર્પણ પાસે સરતી.
નેવાંના જળની ધારે હું વગર તરાપે તરતી,
ટીપાંનું તોરણ હું આખા નભને બાંધી ફરતી.

દોટ મૂકી વાદળને કીધું 'મન મૂકીને વરસ.'
જળને બેઠું ચોમાસું ને મને સોળમું વરસ.

## .9.

હોઉં હું એવું ઝાડવું મને કોઈ ન ફુટે ડાળી!
આંખની આડાં પાન કરીને કેમ વસંતે ટાળી?

વનમાં લીલા લોકની આંખે નામ મારું એક ઝાડ,
કેમ કહું, મારા ભાગમાં બેઠી પાંદડું નહીં રાડ!
ડાળ નહીં, ડાળખીએ નહીં, એક પગે ઉઘાડ,
ટાંકણું લે ઝટ્ટ, લીમડો નહીં, ચાલ કરી દે તાડ.

કાંકરી માની કેમ અહીં–ત્યાં, ઉપર છેક ઉછાળી?
આંખની આડાં પાન કરીને કેમ વસંતે ટાળી?

મૂળમાં મને ધ્રાસ્કો પડે, પંખી બેસે તાર,
ભમરો આવી અમથું અડી સાચવી લે વે'વાર.
ટહુકો ને ફૂલ–પાનના અરથ સાત સમંદર પાર,
નહીં લીલેરા ઠાઠની વચ્ચે ફોરમનો અણસાર.

પડખે ઉભો પલાશ ઢળે, કેમ દઉં હું તાળી?
આંખની આડાં પાન કરીને કેમ વસંતે ટાળી?

## .10.

તારા રસ્તે મારો રસ્તો મળી ગયો છે, આલ્લે લે!
ગરમાળો ગુલમ્હોર ઉપર જો ઢળી ગયો છે, આલ્લે લે!

પીળચટ્ટાં ને રતુંમડાં ફુલો પુછે, 'આવે છે?'
પાંખડીઆને પકડી નાચું ને બોલું, 'ફાવે છે?'

ગાલાવેલો જીવ અમારો લળી ગયો છે, આલ્લે લે!
તારા રસ્તે મારો રસ્તો મળી ગયો છે, આલ્લે લે!

ચાતક જેવી જાત અને હું પંખી નામે તરસ,
અનરાધારે આભ અમે જો એને કહેતા 'વરસ'

અણઘડ આ અવતાર અમારો ફળી ગયો છે, આલ્લે લે!
તારા રસ્તે મારો રસ્તો મળી ગયો છે, આલ્લે લે!

પગલાંમાં પગલું પડતાં આ કળતર થાતું ગુમ,
કંટકને કોરાણે કરતી કળી કહે 'તું ઝુમ'

ચોમાસે મધુમાસ હળી ને ભળી ગયો છે, આલ્લે લે!
તારા રસ્તે મારો રસ્તો મળી ગયો છે, આલ્લે લે!

**રક્ષા શુક્લ**

(કવયીત્રીના કાવ્યસંગ્રહ 'આલ્લે લે..!'માંથી સાભાર..)

**કવયીત્રીસમ્પર્ક:**


રક્ષા શુક્લ,

H-1/303, આશ્રય-9, ખોડીયાર માતાના મંદીર પાસે, ન્યુ રાણીપ, અમદાવાદ-382470
Mobile-99792 44884 eMail - shukla.rakshah@gmail



કાવ્યસંગ્રહ 'આલ્લે લે..!' - પ્રકાશક: (કવયીત્રી પોતે,) ક્રીએટીવ કાફે, 421, ડ્રીમ સ્કવેર, રામદેવપીરના મંદીર સામે, નીર્ણયનગર અંડર બ્રીજ પાસે, અખબારનગર, અમદાવાદ–380013, પાનસંખ્યા : 75+17, કીંમત : રુપીયા–150, પ્રત : 2000, પ્રથમ આવૃત્તી : જાન્યુઆરી-2019

મુખ્ય વીક્રેતા : બુકપબ, હીંગળાજ માતાનું કંપાઉન્ડ, નવરંગપુરા પોલીસ સ્ટેશન પાછળ, અમદાવાદ-380009
Mobile : 9879248484 eMail: shabdshriorgn@gmail.com


@@@@@


'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો, સુરતના યુવા ગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

..ઉ.મ..


@@@@@


'સન્ડે ઈ.મહેફીલ' - વર્ષ : પંદરમું - અંક : 451 – April 26, 2020

'ઉંઝાજોડણી'માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com


@@@@@



## રક્ષા શુક્લ

આદ્યકવિ નરસિંહ મહેતાની જન્મભૂમિ તળાજાનાં રક્ષા શુક્લનું નામ અને કામ હવે ભાવકો માટે અજાણ્યું નથી. છેલ્લા એક દાયકાથી તમામ પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત થતી રચનાઓ દ્વારા વાચકો અને વિવેચકોનું ધ્યાન ખેંચ્યું છે. વર્ષ ૨૦૧૫નું શ્રીમતી કમલાબેન પરીખ પારિતોષિક કુમાર ચંદ્રક, વર્ષ ૨૦૧૭નો 'બ્રહ્મગૌરવ પુરસ્કાર' ઇત્યાદિ માન-અકરામ પ્રાપ્ત થયાં છે. આકાશવાણીના રાષ્ટ્રીય કવિસંમેલનમાં પસંદગી થઈ છે. ૩૨ વર્ષ અંગ્રેજી સાહિત્યનું અધ્યાપન અને સંસ્કૃત સાહિત્યનાં વાંચને એમનાં શબ્દને ઘડ્યો છે. સમગ્ર ભારત ઉપરાંત સિંગાપોર, થાઈલૅન્ડ, મલેશિયા, નેપાળ, ભૂતાન ઇત્યાદિ દેશોની સાહિત્યિક સફર કરી છે. સુગમ સંગીતના ગાયિકા તરીકે મંચ શોભાવ્યા છે. 'ગુજરાત સમાચાર'માં દર મંગળવારે 'સહિયર' પૂર્તિમાં પ્રગટ થતી એમની કૉલમનો મોટો વાચક વર્ગ છે. સ્ત્રી સંવેદનાના સીમાડાઓને ઓળંગી, બળકટ અભિવ્યક્તિનો ઓચ્છવ સર્જતી એમની રચનાઓ અદ્‌ભુત ભાવવિશ્વ સર્જે છે. 'આલ્લે લે!'માંથી પસાર થતા અનેક ઉત્તમ કાવ્યો માણ્યાંનો અંધધ ઓડકાર આવ્યો.

– હરદ્વાર ગોસ્વામી

**Download Earlier SeMs :**

https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,82,32,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,62,41,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 11,18,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,35,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@